BAOU Education for All | Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
|| चैतन्य || CHAITANYA
ISSN: 2582 2802

Year–07, Volume –07, Issue–01, March–2026

# ગાંધીવિચારની પ્રસ્તુતતા

– અઝીઝ છરેચા

**સારાંશ (Abstract):**

સમય સાથે ગાંધીના વિચારો તેમના નશ્વર દેહ સાથે આ જગતમાંથી ચાલ્યા ગયા છે, એવું જો કોઈ સમજતું હોય તો તે વાત તદ્દન ખોટી છે. આ લેખ એ વાત પર વિચારવા માટે પ્રેરશે કે ગાંધી માત્ર હાડમાંસના માનવી નહોતા, પરંતુ એક 'વિચારપુરુષ' હતા. જો કોઈ વિચાર યુગયુગાંતર સુધી માનવને પ્રેરણા આપનારો હોય, તો તે ક્યારેય મરતો નથી. ગાંધીનો વિચાર આવનારી અનેક પેઢીઓ સુધી માનવને માર્ગદર્શન આપી શકે તેવો છે. ગાંધીના જીવનને તેમના વિચાર સાથે અતૂટ સામ્ય છે અને એટલે જ વિચાર તથા જીવનના સામ્યરૂપ ગાંધીની વાણી પણ એટલી સમર્થ રહી છે. પ્રસ્તુત લેખમાં ગાંધીના આવા જ સમર્થ વિચારને સમજાવવાનો નાનકડો પ્રયાસ કર્યો છે.

**ચાવીરૂપ શબ્દો (Keywords):** ગાંધીવિચાર, સર્વધર્મસમભાવ, નૈતિકતા, શ્રમ, સર્વોદય, એકાદશવ્રત.

ધર્મનું સ્મારક મંદિર, ન્યાયનું સ્મારક ન્યાયાલય, ગુનાનું સ્મારક કેદખાનું; પણ શું ગાંધીજીનાં કોઈ પણ સ્મારકો ગમે તેટલાં બને કે પછી ગમે તેટલાં ભવ્ય હોય, તો પણ આખાને આખા ગાંધીને સમાવી શકે ખરાં? ત્યારે 'સત્યના પ્રયોગો', 'ગાંધીજીનો અક્ષરદેહ', 'હિંદ સ્વરાજ', 'અનાસક્તિયોગ' વગેરેમાં વ્યક્ત ગાંધીવિચારો જ ગાંધીજીને સમાવી શકે, સમજાવી શકે; આવો અનન્ય સંબંધ છે ગાંધી અને તેમના વિચારોનો. 150થી પણ વધારે વર્ષોનાં વહાણાં વાયા પછી પણ એ જ પ્રસ્તુત છે અને તેનું કારણ તેમના આચાર અને વિચારનું ઐક્ય છે.

આ જગત-આંગણમાં કેટકેટલાય આવ્યા અને જતા રહ્યા છે, પરંતુ જગત તો તેને જ સ્મરે છે જે કંઈક આપી ગયા છે. શીલવંત જીવન જીવનાર માનવીની પાછળ તેનાં કર્મો બોલતાં હોય છે અને એ કર્મોની પાછળ વિચારરૂપી અમૃત પડેલું હોય છે. ગાંધી જેવું વિચારતા, એવું જ તેમનું આચરણ રહેતું. અતિશયોક્તિ વિના કહી શકાય કે તેઓ આચરણ દ્વારા જ લોકોને ઉપદેશ આપતા. નારાયણ દેસાઈ નોંધે છે કે, 'સત્યનો અર્થ પહેલાં તો એ સંદર્ભમાં થયો કે જેને માત્ર વાણી સાથે સંબંધિત ગુણ માનતા હતા, તેને ગાંધીજીએ મન અને આચરણ સાથે અનિવાર્ય રીતે જોડી દીધું.' (દેસાઈ, નારાયણ, ગાંધીશક્તિનું મૂળ: એકાદશ વ્રત. 7). ગાંધીજીનાં ભાષણોમાં વાણીની છટા કે ભપકો નહોતો, પરંતુ વાણીની સચ્ચાઈનો રણકો હતો. ગાંધીજી સ્વયં પોતાના આચરણથી જ કેટકેટલુંય ન બોલીને સમજાવી જતા. કહેવાય છે કે 'गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु

છિન્નસંશયાઃ'. સાબરમતી આશ્રમમાં રહેનારા અનેક ગાંધીજનોના એવા પ્રસંગો છે, જેમાંથી જોઈ શકાય કે ગાંધીનું મૌન પણ કેટકેટલું શીખવી જાય છે.

ગાંધી આપણને એવા વિચારો આપી ગયા છે, જે સદાકાળ શાશ્વત રહેશે. ગાંધી માનવદેહે ભલે આપણી સાથે નથી, પણ વિચારદેહે આજે પણ આપણી આસપાસ શ્વસે છે; જ્યાં સમસ્યા ગૂંચળું વળીને બેઠી છે, ત્યાં આ વિચારદેહ ઉકેલની નક્કર ભૂમિકા આજે પણ રચી આપે છે. એ અર્થમાં ગાંધીજી વિચારપુરુષ અને કર્મયોગી છે. આ વિચારો પણ એવા છે, જે સમય સાથે વધારે ને વધારે સુસંગત થતા જાય છે.

તેમના આરોગ્યવિષયક સૂક્ષ્મજ્ઞાન વિશે જોઈએ તો, રોગનાં મૂળને દૂર કરવા અને કુદરતી જીવન જીવવા પર ગાંધીજીએ ભાર મૂક્યો હતો. (પઢારિયા, મહેશ. 47). આજના ગ્લોબલ વૉર્મિંગ અને જળવાયુ પરિવર્તનના પ્રદૂષિત યુગના સંદર્ભે જોઈએ તો ગાંધી કેટલા સાચા જણાય છે! તેઓ શુદ્ધ હવાને સ્વાસ્થ્ય સાથે જોડી સેંકડે નવ્વાણું ટકાથી વધુ માંદગીનું કારણ ખરાબ હવાને ગણે છે. પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાની સલાહ ગાંધીજીએ વર્ષો પહેલાં આપી હતી. વહેતી સાબરમતી નદીમાંથી પણ માત્ર એક લોટો પાણી લેવું અને જરૂરિયાત કરતાં વધારે ઉપયોગ ન કરવો, તે વાત આજના પાણી વેડફતા અને ઘરનાં આંગણાં ધોઈ રસ્તા પર પાણીનાં ખાબોચિયાં ભરતા સમાજે ગ્રહણ કરવા જેવી છે. તેમાં તેમની કંજૂસાઈ નહીં, પણ ખપ કરતાં વધારે ન લેવાની વાત પ્રવર્તમાન સમયના સંગ્રહખોરીના દૂષણને દૂર કરવા સુસંગત લાગે છે. ફૅશન, વ્યસન અને ટૅન્શનના કાળમાં સબડતી અને ફાસ્ટ ફૂડના બેફામ ઉપયોગ કરતા કાળમાં હાર્ટઅટૅક, ડાયાબિટીસના ભોગ બનતા ભોગીઓને ગાંધીની 'આરોગ્યની ચાવી' તંદુરસ્તી અને સ્વાસ્થ્યનાં રહસ્યો ખોલી આપે છે. આ રહસ્યો ગીતાકથિત '**युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु**' અનુસાર આજે પણ ગાંધીવિચારો સાથે બંધબેસતાં લાગે છે.

પવિત્રતા અને શુદ્ધતાના નામે સ્નાન કરીને ઈશ્વરની ઉપાસના કરનારા ભારતીયો જાતને સ્વચ્છ રાખે છે, પણ શેરી, ગલી, મહોલ્લામાં ગમે ત્યાં કચરો ઠાલવે છે. આ વિસંગતતાઓને ગાંધીના સ્વચ્છતાના વિચારથી પ્રેરિત 'સ્વચ્છતા અભિયાન' દ્વારા સુસંગત બનાવવાના પ્રયાસો ચાલે છે. તેને સફળ બનાવવા ગાંધીવિચાર અનુસાર આ બધાં કામો આપણા સૌના સહિયારા પ્રયત્નોથી સાકાર થાય તેમ છે અને તેમાં પણ જરૂર પડશે ગાંધીચીંધ્યા પોતીકા પ્રામાણિક પ્રયત્નની.

મંદિર, મસ્જિદમાં સંકુચિત થઈ ગયેલા ધર્મની વ્યાપકતાને 'વ્યાપક ધર્મભાવના' દ્વારા ગાંધીજીએ 'સત્ય એ જ ઈશ્વર' જેવા વિચારથી મૂકીને સર્વધર્મસમભાવની વાત સમજાવેલી, કારણ કે સત્ય જેવા તત્ત્વનું નિરૂપણ તો દરેક ધર્મમાં છે જ. હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી, જૈન વગેરે જેવા કોઈ પણ ધર્મમાં સત્યની વાત ન હોય, તે બની જ ન શકે. ગાંધીએ આવા સૂક્ષ્મ ધર્મની પિછાણ કરીને લોકોને જોડ્યા અને 'સત્યરૂપી ઈશ્વર'ના ધર્મથી ઊભું થયેલું ધાર્મિક ઐક્ય, આજના ગમે ત્યારે ફાટી નીકળતા ધાર્મિક રમખાણોના કાળમાં, ધર્મના નામે કપાતા માણસને બચાવવા માટે કેટલું આવશ્યક લાગે છે! ગાંધીનો આ વિચાર જ માણસને માણસ તરીકે સ્થાપીને જોડી શકે તેવો છે.

આજે આપણે વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરતા થયા છીએ, પણ સ્વદેશીના આગ્રહી કેટલા થયા છીએ? સ્વદેશીના આગ્રહી થવા પાછળ ગાંધીજીનો વિચાર સ્વાવલંબન અને આત્મનિર્ભરતાનો હતો. પેલી મૉલ-

કલ્ચરની ઘેલછાનું પણ શું? શાકભાજી વેચનાર કે સાવરણા વેચનાર, માટલાં કે દિવાળીના દીવડા વેચનાર, ખાડા ખોદી ઘરની ઇમારત ચણનાર મજૂર પરત્વેનો આપણો દૃષ્ટિકોણ કેવો રહ્યો? તેના શ્રમનો સાચો મહિમા ગવાયો ખરો? અહીં ગાંધીનો માનવ્યપ્રેમ યાદ આવે છે. દેશની પ્રજાના ઉદ્ધાર અર્થે જાતની તમામ સમૃદ્ધિ ત્યાગી, સૂટબૂટની જગ્યાએ ધોતી અને વકીલાતની ધીકતી નોકરી છોડી, શરીર દેશસેવા અર્થે વાપરવાનું સાધન હોવાથી માત્ર આવશ્યક એવા સામાન્ય પોષક તત્ત્વોવાળા ખોરાકને જ સ્વીકારી ચાલવાનો વિચાર પણ શું આજના કોઈ રાજનેતા કરી શક્યા છે ખરા? સ્વદેશી અને વૈશ્વિકીકરણનો મેળ આજના કાળમાં કેટલો આવશ્યક છે! ત્યારે ગાંધીના શબ્દો યાદ આવે છેઃ 'For my material needs, the village is my world, for my spiritual needs the world is my village.' (દવે, પ્રફુલ્લ. 108). આ વિચારમાં સ્વદેશ અને વિશ્વનો અદ્‌ભુત સમન્વય સંધાય છે.

ગૃહઉદ્યોગ, લઘુઉદ્યોગ થકી શ્રમનો મહિમા ગાનારા ગાંધીજીએ કરેલો યંત્રઉદ્યોગો કે યંત્રોનો વિરોધ યાદ આવે છે. તેનો અર્થ એવો પણ નથી કે ગાંધી યંત્રના વિરોધી હતા. રેંટિયો સ્વયં એક યંત્ર છે, પણ તેમાં માનવીય શ્રમ જોતરાય છે. જે દેશમાં હજારો હાથ બેકારીની અવસ્થામાં હોય, ત્યારે આ યંત્રઉદ્યોગો દ્વારા હજારો લોકોનો શ્રમ ખવાઈ જાય તે હિતાવહ નથી. આ વાત આજે સૂક્ષ્મતાથી વિચારીએ તો સમજાશે કે મલ્ટિનેશનલ કંપનીઓમાં કેટલો માનવીય શ્રમ જોતરાય છે.

ગાંધીવિચારોની જ્યારે સુસંગતતાની વાત થાય છે, ત્યારે જોવા મળતી તત્કાલીન અને પ્રવર્તમાન સામાજિક વિષમતાઓને વ્યક્ત કરતા કવિ કરસનદાસ માણેક કંઈક આ રીતે લખે છેઃ

'દેવડીએ દંડ પામે ચોર મૂઠી જારના,
લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે.
છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.'

ખરે જ, ગરીબ-અમીર, શોષક-શોષિત, મજૂર-માલિક જેવા વર્ગભેદોનો ગાંધીએ પોતાના રચનાત્મક કાર્યક્રમ દ્વારા અને અસ્પૃશ્યતાનિવારણના વિચારો દ્વારા છેદ ઉડાડી બતાવેલો; જે આજે કાયદાની કે ન્યાયતંત્રની આટઆટલી સુગમતા પછી પણ જરૂરી લાગે છે. સત્તાસ્થાનેથી થતી રહેલી આટલી બધી વિસંગતતાઓ વચ્ચે ગાંધીની સત્તાના વિકેન્દ્રીકરણની દૃષ્ટિ, ટ્રસ્ટીશિપ અને વાલીપણાના સિદ્ધાંતનો વિચાર, સંપત્તિની 'યે પૈસા બોલતા હૈ...' એમ છાપરે ચઢીને બોલતી આંધળી ઘેલછાને દૂર કરે છે. કારણ કે પ્રજામાં આવકની સમાન વહેંચણી થાય તે વાત ગાંધીજીએ આપણી સમક્ષ મૂકી. માલિક અને મજૂરના વધતા જતા ભેદભાવ અને સંઘર્ષો વચ્ચે ગાંધીએ ઇંગિત કરેલો વિચાર, બિઝનેસ કૉર્પોરેટની મોટી મોટી કંપનીઓમાં પણ એટલો જ સ્વીકારવા યોગ્ય લાગે છે. તેની પાછળનું કારણ ગાંધીજીના વિચારોમાં રહેલો માનવીય અભિગમ છે. ગાંધીજીનો કોઈ પણ વિચાર માણસને કેન્દ્રમાં રાખીને તેના ઊર્ધ્વીકરણનો હતો. આજે માણસને કેન્દ્રમાંથી હટાવીને સત્તા, સંપત્તિ અને શક્તિને કેન્દ્રમાં રાખતાં વિવિધ દેશોમાં યુદ્ધ મંડાય છે અને જ્યારે યુદ્ધ મંડાય છે, ત્યારે પણ આપણને યાદ તો ગાંધીજી જ આવે છે. પેલાં નાનાં બાળકોના શબ્દો કાને પડે છેઃ '**लड़ाई झगड़ा बंद करो, गांधीजी**

**को याद करो**'. ઇઝરાયલ અને પૅલેસ્ટાઇનના યુદ્ધનો માહોલ ત્યાંના બૌદ્ધિકોને ગાંધીના શાંતિસંદેશની ફેરવિચારણા માટે મજબૂર કરે છે. તેમના શાંતિ અને અહિંસાના વિચારો જ તેમાંથી માર્ગ બતાવે છે.

ગાંધીવિચારોને પ્રવર્તમાન સમયમાં એટલા માટે સુસંગત કહીએ છીએ કારણ કે, ગાંધીના વિચારોને અમલમાં (Applied) મૂકવા માટે કોઈ ફંડફાળા કે રાજકીય સહાયની જરૂર પડતી નથી. તે એટલા સરળ અને સહજ છે કે તેની શરૂઆત 'સ્વ'થી કરીને 'સર્વ' સુધી વિસ્તારી શકાય છે.

સ્ત્રીસંરક્ષણ અને સંવર્ધનના ફૂંકાતા બ્યૂગલો વચ્ચે બળાત્કારની વરવી ઘટનાઓને જ્યારે આપણે રોજેરોજ જોઈએ છીએ, ત્યારે 'ખરી કેળવણી'ના વિચારો ગાંધીને સ્ત્રીનું ખરું વ્યક્તિત્વ ઉજાગર કરતા બતાવે છે. આજના પક્ષાપક્ષીમાં કે તારા-મારામાં રાચતા લોકોને છોડી, અહિંસા, સત્ય કે અસહકારના સત્યાગ્રહથી સ્વતંત્રતા માટે લડી લેનાર લોકોને જ્યારે ગાંધીએ એકત્રિત કર્યા હતા, તેવા સામૂહિક પ્રયાસની (Collective Effort) આજે તાતી જરૂરિયાત જણાય છે. મારું દઢપણે માનવું છે કે ગાંધીપ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ...'માંથી લાધેલી વૈશ્વિક નાગરિક બનવા માટેની ભૂમિકા તો યુનો(UNO)ને પણ સુસંગત લાગ્યા વિના રહે તેવી નથી. જીવનમાં ક્ષણે ક્ષણ ભાંગી પડતા અને આત્મહત્યાના કૂવામાં ધકેલાતા યૌવનને ગાંધીવિચારોની અથાંગ આત્મશ્રદ્ધા અને આત્મબળ, તેમના દક્ષિણ આફ્રિકાના ઇતિહાસમાંથી વાંચીએ ત્યારે મળી રહે છે. પ્રવર્તમાન સમયમાં હતાશા, ડિપ્રૅશન અને તણાવનો ભાર વેઢારતા એકાકી માણસને 'મંગલપ્રભાત'ના ગાંધીવિચારોમાં રહેલું રામનામ અખંડ બળ આપે છે.

ખોટું કે ખરાબ જોવું નહીં, સાંભળવું નહીં અને બોલવું નહીં; એવા ગાંધીના ત્રણેય વાંદરાઓની વાત આજે નિંદા અને કૂથલી કરતી સાસુ-વહુની સિરિયલ કે બનતી ઘટનાઓ માટે ઊમટતી ભીડને સમજવા અત્યંત સુસંગત લાગે છે. સામાન્ય માણસ તરીકે થયેલી ભૂલોનો નિખાલસતાથી સહજ સ્વીકાર અને તેને સુધારીને આગળ વધવાના પુરુષાર્થનો ગાંધીનો સદાબહાર (All time evergreen) વિચાર તો સાંપ્રત મોટિવેશનલ કાળમાં પણ ખપ લાગે તેવો છે.

'Unto This Last'ના રસ્કિનના સર્વોદયના વિચારથી દેશના આદિવાસી, વનવાસી, નગરવાસી, તળભૂમિના માણસ સુધી પહોંચી તેની વ્યથા અને કથાને કાન સરવા કરીને સાંભળવાની ગાંધીએ કહેલી વાત આજે વિશ્વના પ્રત્યેક પ્રધાનને સુસંગત છે. જ્યાંથી, જેની પાસેથી જીવવા જેવું જે કંઈ સારું મળ્યું છે, તેનો સ્વીકાર કરી જાતને ઘડનારા ગાંધીની આજીવન શિક્ષણની (Lifelong learning) પ્રક્રિયાની વાત પ્રવર્તમાન સમયમાં પણ શિક્ષક, વિદ્યાર્થી કે અધ્યાપક સૌએ સ્વીકાર્યા વિના છૂટકો નથી. અધ્યયન નિષ્પત્તિનો (Learning outcome)નો સિદ્ધાંત પણ ગાંધીની નઈ તાલીમ અને બુનિયાદી શિક્ષણમાં બાળકને માતૃભાષાના શિક્ષણ સાથે જોડી, દફ્તરના ભાર વિના ભૂમિ સાથે જોડે તેવો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) પણ તેની સાથે પૂરેપૂરી સુસંગત થાય છે.

સભાઓમાં હજારો-સેંકડો માણસોનો સમય બગડે છે, ત્યારે ગાંધીની સમયપાલનના આગ્રહની વાત, દીધેલ સમયે સભામાં હાજર રહેવું, દીધેલ સમય સુધી જ બોલવું; આ વિચાર તેમની કેડે લટકતી ઘડિયાળના ટકોરાએ સતત સાચવ્યો. આ સમયપાલનનો નિર્દેશ આજે પ્રત્યેક કર્મચારી માટે કેટલો સુસંગત લાગે છે!

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું નવ સંઘરવું; બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે નવ અભડાવું; અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વધર્મ સરખા ગણવા; આ અગિયાર મહાવ્રત સમજી, નમ્રપણે દઢ આચરવા.

ગાંધીનાં એકાદશવ્રતો એ તે ગાંધીકાળે જ નહીં, આજે પણ એટલાં જ આવશ્યક લાગે છે. તેનાં મૂળ તો શાસ્ત્રની દેણગી છે, પણ ગાંધીએ તેમાં પોતીકી મૌલિકતા આણી છે, જેને સૌ જીવનમાં ઉતારવા માટે પ્રયત્નશીલ થઈ શકે. ગાંધીની દિનચર્યા, ગાંધીની અસ્પૃશ્યતાનિવારણની વાત, 'પ્રજા પાસે નથી તો મારે પણ ન જોઈએ', 'બે ટંકનું ભોજન પણ પ્રજાને નથી મળતું તો મારે પણ નહીં', 'વસ્ત્રો પણ અંગ ઢંકાય એ પૂરતાં કે તેમાં અશ્લીલતા ન વર્તાય' (ચાર્લ્સ, કે. જે. ભૂમિપુત્ર, 12) - એવી ઝીણી ઝીણી વાતો ઉમાશંકર જોશી કથિત સમસંવેદન જેવી અને માનવીય પ્રેમને દર્શાવે છે. આ વિચારો આજે પણ કેટલી પ્રબળ અસર (Appeal) જન્માવે છે!

આ બધું વાંચતાં બાપુ કેવા વહાલા લાગે છે! તેઓ વૃદ્ધ છે પણ ઘરડા નથી; વિચારોથી વધેલા, વિકસિત થયેલા એટલે વૃદ્ધ. બાપુ સમય સાથે ઘસાઈ ગયેલા ઘરડા ડોસા નથી, તેઓ તો આજે પ્રવર્તમાન સમયમાં પણ પોતાના સમર્થ વિચારોથી સુસંગત અને પ્રસ્તુત લાગે છે. તેમની સ્વરાજની સંકલ્પના કેટલી વ્યાપક! પક્ષી પાંજરામાંથી કે પરાધીનતાના સળિયામાંથી બહાર નીકળી આવે, પણ તે મુક્ત ગગનમાં ઊડવાનું તો ભૂલી ગયું હોય! ત્યારે પરાધીન માનસમાંથી સ્વાધીન અને રાષ્ટ્રાધીન માનવ બનવાનો ગાંધીજીનો વિચાર આજના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' કે 'વિકસિત ભારત'ની સંકલ્પના સાથે સુપેરે સુસંગત લાગે છે.

દર વર્ષે સૅન ડિએગો ખાતે થતી 'ઇન્ટરનૅશનલ પીસ મીટિંગ' આ વર્ષે પૅરિસમાં 22થી 24 સપ્ટેમ્બરના રોજ જ્યારે યોજાઈ, ત્યારે તેમાં વિશ્વની વિવિધ ચળવળોના પ્રતિનિધિઓ અને ધર્મના વડાઓ એકત્ર થયેલા. તેમના વિમર્શ અને ચિંતનમાં તેમણે ગાંધીજીએ આપેલા શાંતિના સંદેશને ઉલ્લેખિત કર્યો.

પૃથ્વી પર જ્યાં સુધી જીવસૃષ્ટિનું અસ્તિત્વ છે ત્યાં સુધી પર્યાવરણ, સત્ય, અહિંસા અને શરીરશ્રમ જેવાં જીવન-મૂલ્યો અનિવાર્ય રીતે જરૂરી છે. ગાંધીજીના વિચારો અને આચરણ વચ્ચે સંપૂર્ણ અભેદ છે. શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વ માટે ગાંધીજી સદાય પ્રસ્તુત છે.

**સંદર્ભગ્રંથ:**


- ગાંધી, મહાત્મા. *અનાસક્તિયોગ.* નવજીવન પ્રકાશન, 2016.
- ગાંધી, મહાત્મા. *આરોગ્યની* ચાવી. નવજીવન પ્રકાશન, 2016.
- ગાંધી, મહાત્મા. *વ્યાપક ધર્મભાવના.* નવજીવન પ્રકાશન, 2014.
- ગાંધી, મહાત્મા. *સત્યના પ્રયોગો.* નવજીવન પ્રકાશન, 2015.
- ચાર્લ્સ, કે. જે. *'ગાંધી વિશેના પાંચ મુદ્દા.' ભૂમિપુત્ર*, 16 મે 1992.
- દેસાઈ, નારાયણ. *ગાંધી શક્તિનું મૂળ એકાદશ વ્રત.* યજ્ઞ પ્રકાશન, 2016.
- દેસાઈ, નારાયણ. *મારા ગાંધી.* સાહિત્ય સંગમ પ્રકાશન, 2010.
- પઢારિયા, મહેશ. *બાપુના 11 મહાવ્રત.* અક્ષરભારતી પ્રકાશન, 2021.
- શાહ, ગુણવંત. *ગાંધીના ચશ્મા.* આર. આર. શેઠ પ્રકાશન, 2019.

- શાહ, ગુણવંત. *ગાંધીની ઘડિયાળ*. આર. આર. શેઠ પ્રકાશન, 2019.
- શાહ, ગુણવંત. *ગાંધીની ચંપલ*. આર. આર. શેઠ પ્રકાશન, 2019.
- શાહ, ગુણવંત. *ગાંધીની લાકડી*. આર. આર. શેઠ પ્રકાશન, 2016.


**અઝીઝ છરેચા**, પી.એચડી. શોધાર્થી, શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

Email: azizchhrecha@gmail.com